જા.નં. પગારશાખા/જુથ વીમા કપાત-૨૦૨૧/ 13457

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨,એ બ્લોક,
ત્રીજો માળ,અઠવાલાઇન્સ,સુરત.
તા.૨૯/૧૨/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી/આચાર્યાશ્રી,
સુરત શહેર -જિલ્લાની તમામ માધ્યમિક અને ઉ.મા. શાળાઓ.( ગ્રાન્ટેડ ).

**વિષય : જૂથ વીમા યોજના કપાત : માહે જાન્યુઆરી – ૨૦૨૧**

જયભારત સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે બિનસરકારી મા / ઉ.મા. શાળાઓના કર્મચારીઓની જૂથ વીમા યોજના હેઠળની રકમની કપાત પ્રતિવર્ષની જેમ ચાલુ વર્ષે પણ આ કચેરીના પરપિત્ર નં. એસ/ જૂથવીમા/-૩૪૮ તા. ૧/૧/૦૬ અને વખતોવખતના છેલ્લા સુધારા મુજબના દરે અચૂક કરવાની રહેશે જેથી **જાન્યુઆરી - ૨૦૨૧** ના પગારબીલમાં મળતા પગાર પ્રમાણે જે કેટેગરી આવતી હોય તે કેટેગરીના દર મુજબ જૂથ વીમાની રકમની કપાત કરવાની રહેશે. એનેક્ષર-૩ ત્રણ નકલમાં જરુરી વિગત ભરીને તૈયાર કરી **જાન્યુ - ૨૦૨૧** ના પગારડેટા સાથે રજૂ કરવાના રહેશે. **<u>ડેટા પત્રક ૧૨ માં એમ્પ્લોઇ નંબર સામે D-34 જૂથ વીમો અને રકમ દર્શાવવાની રહેશે. ડેટા પત્રક -૧૨ માં જૂથ વીમા સિવાય અન્ય કોઇ પણ રકમ/વિગત દર્શાવવાની નથી.</u>**

**જાન્યુઆરી - ૨૦૨૧** ના પગારબીલમાં જે કર્મચારીઓ બિનપગારી કે અન્ય રજા ઉપર હોય અને પછી ફરજ ઉપર હાજર થવાના જ હોય તે કર્મચારીઓની જૂથ વીમા કપાતની રકમ ગુલાબી ચલણમાં **(૮૪૪૩ સીવીલ ડીપોઝીટ, બિન સરકારી માધ્યમિક કર્મચારીઓ માટેની જૂથવીમા યોજના – પી.એલ.એ. ટુ ડી.ઇ.ઓ./પી.ડી. એકાઉન્ટ-૦૦૬)** બજેટ સદર દર્શાવી બેંકમાં જમા કરાવી બેંકના સિક્કાવાળું ચલણ **જાન્યુઆરી-૨૦૨૧** ના પગારડેટા સાથે આ કચેરીની પગારશાખામાં અચૂક રજૂ કરી દેવાનું રહેશે. **<u>આ અંગેની નોંધ પત્રક અ,બ,ક માં નીચે મુજબ લાલ શાહીથી લખવાની રહેશે.આવા ચલણો પાછળથી કોઇપણ સંજોગોમાં કચેરીમાં સ્વીકારવામાં આવશે નહી તેની ખાસ નોંધ લેવી.</u>**

**નોંધ : શ્રી............................................................હોદ્દો.............તા................થી તા..............સુધી................કારણસર.......................પ્રકારની રજા ઉપર હોવાથી તેમનો પગાર જાન્યુઆરી-૨૦૨૧ ના પગારબીલમાં થનાર ન હોવાથી તેમની જૂથ વીમા કપાતની રકમ ચલનથી જમા કરાવી મૂળ ચલન રજૂ કરવાનું રહેશે.જે કર્મચારીની જૂથ વીમા કપાતની રકમ ચલનથી જમા કરાવેલ હોય તેનું એપેન્ડીક્ષ-૩ અલગથી ૩ નકલમાં ચલનની સાથે જ રજૂ કરવાનું રહેશે.**

નમૂનાપત્રક અ. બ. ક ગત વર્ષના નમૂના પ્રમાણેના રહેશે.જે શાળા પાસે આ નમૂના ન હોય તેણે નજીકની શાળામાંથી મેળવી લઇ જરુરી વિગત ભરીને રજૂ કરવાના રહેશે.

તા.૧/૪/૦૫ પછી નિમાયેલા કર્મચારીને જૂથ વીમા યોજના ફરજીયાત લાગુ પડે છે.શિક્ષણ સહાયક/સાથી સહાયક તરીકે પાંચ વર્ષ પૂરા કરી નિયમિત પગારધોરણમાં સમાવેશ થયેલ કર્મચારીઓના નિયુકિત પત્રક **અલગ ફોરવર્ડિંગ સાથે પગારડેટાની સાથે જ ૩ નકલમાં** આપવાના રહેશે.તેની સાથે આ કચેરીના નિયમિત પગાર ધોરણમાં સમાવેશ કરેલ આદેશની ઝેરોક્ષ નકલ અચૂક સામેલ કરવાની રહેશે.

અન્ય શાળા/જિલ્લામાંથી આવેલ કર્મચારી બાબતમાં તેમની જૂથ વીમા યોજનામાં દાખલ થવા પાત્ર વર્ષથી **જાન્યુઆરી -૨૦૨૦** સુધીની કપાત થયેલ છે તે અંગે વર્ષવાર કપાતની રકમ દર્શાવતુ પત્રક અને ડી.ઇ.ઓ.ની સહીવાળુ અસલ નિયુકિત પત્રક સામેલ કરવાનું રહેશે. તા.૧/૪/૮૫ પહેલાની નિમણૂકવાળા આ યોજનામાં ન જોડાયેલ કર્મચારીનો વિકલ્પ જે તે શાળામાંથી મેળવી લઇ તેની નકલ રજૂ કરવાની રહેશે

**જાન્યુઆરી-૨૦૨૦** અને ત્યારબાદ આપની શાળામાં જોડાયેલ કર્મચારીને આ યોજના લાગુ પડે છે કે કેમ? તેની ચકાસણી કરી જૂથ વીમા કપાત કરવી.કોઇ પણ સંજોગોમાં પુરવણી બીલથી કપાત કરવાની નથી.

દરેક શાળાએ એપેન્ડીક્ષ-૩ નિયત નમૂનામાં વ્યવસ્થિત રીતે પૂરેપુરી વિગત ભરીને જ રજૂ કરવા.જે કેટેગરીમાં કપાત ન હોય ત્યાં **"શૂન્ય"** લખવુ અને કેટેગરી-ડી વિભાગ પૂરો થાય ત્યાં નીચે મુજબ સમરી લખવી અને આચાર્યના સહી/સિકકા કરવાના રહેશે. એપેન્ડીક્ષ-૩ ના દરેક પેજ ઉપર શાળાના **<u>કોમ્પ્યુટર નંબરનો રબર સ્ટેમ્પ બિનચૂક લગાવવાનો રહેશે.</u>** ચાલુ વર્ષે નીચે જણાવેલ દરે કપાત કરવાની રહેશે.

| કેટેગરી | સંવર્ગ | કપાતનો દર રૂા.પૈ. x 3.60 રૂા.પૈ.+ ૧૮ % જી.એસ. ટી. | કર્મચારી સંખ્યા | કુલ કપાત |
|---|---|---|---|---|
| 1 | પટાવાળા(વર્ગ-૪) | 36 +7 = 43 | | |
| 2 | કલાર્ક (સંવર્ગ) | 54 +10 = 64 | | |
| 3 | મદદનીશ શિક્ષક/ઈન્ચાર્જ આચાર્ય(સંવર્ગ) | 72 + 13 = 85 | | |
| 4 | આચાર્ય (સંવર્ગ) | 90 + 17 = 107 | | |

Scanned by CamScanner

**એડહોક ધારણે ફીકસ પગારમાં નિમાયેલ કર્મચારીઓનો જૂથ વીમા યોજનામાં સમાવેશ થતો ન હોવાથી તેમની જૂથ વીમા કપાત કરવાની નથી.**

શાળાઓએ **જાન્યુઆરી પેઇડ ઇન ફેબ્રુ-૨૦૨૧** ના પગારડેટા સાથે જૂથ વીમા યોજના હેઠળની કપાતની વિગત જરૂરી માહિતી પત્રકો અને આધારો સહિત **રૂબરૂ રજૂ કરવાના રહેશે.કોઇ પણ સંજોગોમાં ટપાલથી કે વર્ગ-૪ ના કર્મચારી અથવા અન્ય શાળાના કર્મચારી સાથે પગારડેટા કે માહિતી પત્રકો અને આધારો મોકલવાના નથી.**

જે તે શાળાઓએ તેમને આપેલ તારીખે જ પગારડેટા,જૂથ વીમા અંગેની માહિતી પરિપત્ર મુજબના ડેટા-માહિતી-આધાર રજૂ કરવાના રહેશે. આપેલ તારીખે હાજર રહી માહિતી રજૂ નહિ કરનાર શાળાની માહિતી-પગારડેટા અધવચ્ચેની તારીખે સ્વીકારવામાં આવશે નહી તેની ખાસ નોંધ લેશો.

**જુથ વીમાની કપાતનાં એપેન્ડીક્ષ સાથે નીચેનાં નમૂનામાં અંગ્રેજીમાં માહિતી એલ.આઇ..સી, સુરતને આપવાની હોવાથી અચૂક લાવવાની રહેશે.આ માહિતી વિના અન્ય ડેટા કે માહિતી સ્વીકારવામાં આવશે નહી.**

**કેટેગરી(A),(B),(C),(D) ના બદલે 1,2,3,4 દર્શાવવું.**

શાળાનું નામઃ- શાળા કોમ્પ્યુટર કોડ નંબરઃ-

| એમ્પલોઇ નંબર | નામ /હોદ્દો | કેટેગરી | જન્મ તારીખ | નિમણુંક તારીખ |
|---|---|---|---|---|
| | | 1 ( A ) | | |
| | | 2 ( B ) | | |
| | | 3 ( C ) | | |
| | | 4 ( D ) | | |

આચાર્યના સહિ/સિક્કા

સુચનાઃ-

(૧)પગાર બિલમાં રેકર્ડ ટાઈપ (R.T.) પત્રકો બિલમાં સૌથી ઉપર રાખવા અથવા અલગ-અલગ કરી આપવા.

(૨)રેકર્ડ ટાઈપમાં શાળાના કર્મચારીઓના એમ્પલોથ નંબર ચઢતા ક્રમમાં ગોઠવી રજુ કરવા.

(૩)ઈન્ચાર્જ આચાર્ય હોઈ તેઓની કેટેગરી "C"માં કપાત કરવાની રહેશે.જેની નોંધ લેવી.

(૪)માહેઃડીસેમ્બર-૨૦૨૦ના પગારબીલમાં જે કર્મચારીઓના **મોઘવારી ભથ્થા તફાવતની રકમ બે વખત (ડબલ)આવેલ છે. તે કર્મચારીઓની કપાત રકમ ડેટા પત્રક-૧૨માં CODE E-02 માં માઈનેશ(-) રકમ દર્શાવી રજુ કરવાનું રહેશે.**

| અ. નં. | તારીખ | વાર | શાળા નંબર | સ્થળ | સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૪/૧/૨૦૨૧ | સોમવાર | ૧ થી ૧૧૨ તથા ૨૪૯,૨૫૦, ૨૫૧, ૨૫૪,૨૫૬,૨૫૮,૩૦૧ | ટી.એન્ડ ટી.વી. સાર્વજનિક હાઈસ્કુલ, નાનપુરા,સુરત. | **૧૧-૦૦ થી ૨-૦૦** |
| ૨ | ૫/૧/૨૦૨૧ | મંગળવાર | ૧૧૩ થી ૨૨૯ તથા ૨૫૨,૨૫૭,૨૬૧,૨૭૩ | બી.એ.બી.એસ. હાઈસ્કુલ,બારડોલી | **૧૧-૦૦ થી ૨-૦૦** |

હિસાબી અધિકારી(વર્ગ-૨)
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત જિલ્લો,સુરત.

Scanned by CamScanner